1937-01-02 -Kaka Ravji (Ramji) Laxmanne Khas Chetavani (832)

ॐ

રાણા સતપંથી કણબી ભાઇઓ તથા મંગવાણાના પટેલ હીરા ખીમા

અને રસલીયાના ભગત મનજી હરભમ તેમજ પીરાણાના પુજારી

કાકા રવજી લક્ષમણને ખાસ ચેતવણી.

આજે જ્યાં જુઓ ત્યાં પીરાણા પંથનીજ પીંજણ પીંજાઇ રહી છે અને એજ સતપંથને માનનાર કણબી ભાઇઓમાં ખુબ જાગ્રતી આવતી જાય છે. જેને લઇને ગામ ખીડોઇ કોટડા-વાળા ભાઇઓએ એક "શ્રી કચ્છ કડવા પાટીદાર સેવા મંડળ" ને નામે મંડળ પણ ઉભું કર્યું છે તેમજ ગામ લોડવા, દરશડી, રાજપર, વીરાણી, વીગેરે ગામોના ભાઇઓ પણ તેઓની સાથે મળીને પીરાણા સતપંથના શાસ્ત્રોને ખુબ જોવા મંડી પડયા છે તેમાંથી તેઓએ પચીશ પ્રશ્નોની બુક છપાવી સૈયદ બાવા સાહેબ અહેમદઅલી ખાકી પાસે તેના જવાબો પણ માગ્યા છે. તેમજ તેઓએ "**વિનંતી પત્ર**" ના નામે એક કાગળ પણ છપાવ્યો છે તેમાં તે ભાઇઓ લખે છે કે "**આપણે પીરાણા સતપંથને માનનાર કણબી ભાઇઓ છીએ, તે કોણ? હિન્દુ કે મુસલમાન**". તેવો સવાલ પૂછી કચ્છમાંથી કરાચીમાં આવેલા આગેવાનો તથા જ્ઞાતિ પાસે જવાબ માંગ્યો છે, પણ આજ દિવસ સુધી **અમારી** જાણમાં નથી કે તેઓએ શું નિર્ણય કર્યો છે, "**હિન્દુ કે મુસલમાન**", તથા તે સંબંધમાં **અમો સેવા મંડળના** ભાઇઓને કહીએ છીએ કે ભાઇઓ, એ આવનાર આગેવાનો બિચારા શું ખુલાસો કરશે. ખુલાસો તો તમો એ સૈયદ પુંજામીયાં હુસેનમીયાનો વાંચી લીધો છે તેથી હવે જો તમારે મુસલમાન બનવું હોય તો સતપંથી રહો, ને જો હિન્દુજ રહેવું હોય તો તમારે કોઇને પણ પુછ્યા સિવાય તે ધર્મનો ત્યાગજ જોઇએ.

અમો કચ્છમાંથી આવેલા આગેવાનોને તથા કરાચીમાં પીરાણા સતપંથની હુરાઓના ખાસ ઉમેદવારો તેમજ ભાઇ વીરજી પચાણ તથા દાના પ્રેમજી વીગેરે સતપંથી ભાઇઓને જરૂરથી ચેતાવીએ છીએ કે આ બાબતનો તમારે હમણાંજ ગમે તે ભોગે પણ ફેંસલો કરવો જોઇએ. જો તમોને મુસલમાની કલમા પસંદ હોય અને ઇમામ હશન હુશેનનેજ તમારા વડીલો અને પૂજ્ય માનવા હોય તો હવે તમો એક મીનીટ પણ ઢીલ કરશો તે તમારે માટે નકામી છે. તેથા થાઓ તઇયાર અને તેડાવો સૈયદ પુંજામીયા હુસેનમીયાંને કે જે તમારી ઇસલામના કાયદા મુજબ ક્રિયા કરી વરઘોડ ચડાવી દે. અને જો તમારે રામના વંશજ રહેવું હોય તો હવે પીરાણાપંથ તેમજ તે પંથના સૈયદો અને વટલેલ કાકાઓની સંગત મૂકી ખાસ હિન્દુ સનાતની મોટા પંડિતોને બોલાવી તેના શરણે જઇને માફી માગો કે જેથી તમારા ઉપર જે આ અર્ધદગ્ધ **ખીચડીઆ પીરાણા સતપંથનું** આળ છે તે ઉતરી જાય **અને** તમો જે ગુજરાત તથા કાઠીયાવાડી સાગર નાતથી, તજાયલા ભાઇઓને પવિત્ર જ્ઞાતિ ગંગામાં ભેળી દે તેથી તમો પાછા તેજ જ્ઞાતિ ભાઇઓને શરણે જાઓ તો પાછા તમો રઘુવંશી રામના વંશજ તરીકે લેખાશો. આપણી તે જ્ઞાતિના ભાઇઓ ઘણા દયાળુ છે તેઓ જરૂરથી તમારી અરજીને સ્વીકારી પાછા પોતાની ગોદમાં લઇ લેશે. પણ તે નહિ કરતાં હજીપણ જો તમો એજ પીરાણાપંથનું પુછડું ઝાલીને કલમાઓ પડયા કરશો તો જરૂરથી હિન્દુ સમાજમાંથી તમારૂં નામ નિશાન પણ નીકળી જવામાં વાર નહિ લાગે.

આજ દિવસ સુધી સતપંથી ભાઇઓએ જે કાંઇ લખ્યું છે તે વાંચીને અમો ધારતા હતા કે હવે **કરાચીવાસી** ભાઇઓ જરૂરથી કાંઇકપણ ફેરફાર કરશે તેથી આપણે બેઠાબેઠા જોયા કરવું પણ તમારૂં વરતન દેખીને અમોથી અમારી ફરજ બજાવવાનુ રહી શકાતું નથી તેથીજ અમો કરાચીમાં આવેલા મંગવાણાના પટેલ હીરા ખીમા તથા ગામ રસલીઆના વેદીઆ ભગત મનજી હરભમ તથા પીરાણાથી આવેલા ભગવાધારી કાકા રવજીને ખાસ ચેતાવીએ છીએ કે ભાઇઓ તમોએ આજ દિવસ સુધી જ્ઞાતિનાજ પઇસાથી ખુબ માલ મલીદા ખાધા છે અને મોજો પણ ઘણી માણી છે તેથી ખરી અણીના વખતે જરૂરથી તમો પીરાણાપંથી ભાઇઓને હિન્દુ જનતાથી ટળી જતા અટકાવશો, અને ખાસ સૈયદ બાવો સાહેબ જે તમોને આજ દિવસ સુધી ઉંધે રસ્તે દોરી રહયો છે કે, "**પીરાણાપંથ હિંદુ ધર્મ છે**" તે સૈયદ પુંજામીયા હુશેનમીયા જે સાચું કહી રહયો છે તેની પાસે તેડી જઇ બધી વાતની સફાઇ કરી તેની ઇસલામના કાયદા મુજબ તબલગની ક્રિયઓ કરાવો કે તે બિચારો પોતાના દાદાઓના બતાવેલા સ્વર્ગમાં પોંચવાનો હકકદાર બને અને તમો પીરાણાપંથનો ત્યાગ કરી સુધ્ધ સનાતન ધર્મની દિક્ષા લ્યો આ બે વાતમાં તમોને જે વાત પસંદ હોય તે જલદીથી સ્વીકારી લેશો.

આટલું કહ્યા છતાં પણ જો તમો કાંઇપણ ખુલાસો નહિ કરો તો ચોકખું જણાઇ આવશે કે તમો અહીં ફક્ત તમારો સ્વાર્થ સાધવા અને અજ્ઞાન ભાઇઓમાંથી પીરાણાંસતપંથની અંધ શ્રધ્ધા તુટી ન જાય અને તમારો હંમેશનો હરામી હકક (ગોઠીયાં કરવાનો અને પાપી પેટ ભરવાનો) મારીયો ન જાય એટલા માટેજ મોટાઇનો ડોળ કરીને આવ્યા છો એવું સર્વ જ્ઞાતિ ભાઇને તથા જાહેર જનતા સમક્ષ સાબીત થશે ને તમારા કપાળમાં જ્ઞાતિનાં દ્રોહનું કાળું કલંક ચોટુંજ રહેશે. અસ્તુ.

કરાચી,
તા. ૨-૧-૩૭ શનીવાર.
હરચંદરાય વીશનદાસ
પ્લોટ નાં. ૧૩
લોરેન્સ રોડ, કરાચી.

લી० જ્ઞાત સેવક,
પટેલ શીવજી કાનજી પારશીયા,

સેક્રેટરી,
શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક મંડળ.

દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ-કરાચી.

ॐ

પીરાણા સતપંથી કણબી ભાઇઓ તથા મંગવાણાના પટેલ હીરા ખીમા અને રસલીયાના ભગત મનજી હરભમ તેમજ પીરાણાના પુજારી

કાકા રવજી લક્ષમણને ખાસ ચેતવણી.

આજે જ્યાં જુઓ ત્યાં પીરાણા પંથનીજ પીંજણ પીંજાઇ રહી છે અને એજ સતપંથને માનનાર કણબી ભાઇઓમાં ખુબ જાગ્રતી આવતી જાય છે. જેને લઇને ગામ ખીડોઈ કોટડા-વાળા ભાઇઓએ એક "શ્રી કચ્છ કડવા પાટીદાર સેવા મંડળ" ને નામે મંડળ પણ ઉભું કર્યું છે તેમજ ગામ લોડવા, દરશડી, રાજપર, વીરાણી, વીગેરે ગામોના ભાઇઓ પણ તેઓની સાથે મળીને પીરાણા સતપંથના શાસ્ત્રોને ખુબ જોવા મંડી પડયા છે તેમાંથી તેઓએ પચીશ પ્રશ્નોની બુક છપાવી સૌયદ બાવા સાહેબ અહેમદઅલી ખાકી પાસે તેના જવાબો પણ માગ્યા છે. તેમજ તેઓએ "**વિનંતી પત્ર**" ના નામે એક કાગળ પણ છપાવ્યો છે તેમાં તે ભાઇઓ લખે છે કે "**આપણે પીરાણા સતપંથને માનનાર કણબી ભાઇઓ છીએ, તે કોણ? હિન્દુ કે મુસલમાન**". તેવો સવાલ પૂછી કચ્છમાંથી કરાચીમાં આવેલા આગેવાનો તથા જ્ઞાતિ પાસે જવાબ માંગ્યો છે, પણ આજ દિવસ સુધી **અમારી** જોણમાં નથી કે તેઓએ શું નિર્ણય કર્યો છે, "**હિન્દુ કે મુસલમાન**", તથા તે સંબંધમાં અમો **સેવા મંડળના** ભાઇઓને કહીએ છીએ કે ભાઇઓ, એ આવનાર આગેવાનો બિચારા શું ખુલાસો કરશે. ખુલાસો તો તમોએ સૌયદ પુંજામીયાં હુસેનમીયાનો વાંચી લીધો છે તેથી હવે જો તમારે મુસલમાન બનવું હોય તો સતપંથી રહો, ને જો હિન્દુજ રહેવું હોય તો તમારે કોઇને પણ પુછ્યા સિવાય તે ધર્મનો ત્યાગજ જોઇએ.

અમો કચ્છમાંથી આવેલા આગેવાનોને તથા કરાચીમાં પીરાણા સતપંથની હુરાઓના ખાસ ઉમેદવારો તેમજ ભાઇ વીરજી પચાણ તથા દાના પ્રેમજી વીગેરે સતપંથી ભાઇઓને જરૂરથી ચેતાવીએ છીએ કે આ બાબતનો તમારે હમણાંજ ગમે તે ભોગે પણ ફેંસલો કરવો જોઇએ. જો તમોને મુસલમાની કલમા પસંદ હોય અને ઇમામ હશન હુશેનનેજ તમારા વડીલો અને પૂજ્ય માનવા હોય તો હવે તમો એક મીનીટ પણ ઢીલ કરશો તે તમારે માટે નકામી છે. તેથી થાઓ તઇયાર અને તેડાવો સૌયદ પુંજામીયા હુસેનમીયાંને કે જે તમારી ઇસલામના કાયદા મુજબ ક્રિયા કરી વરઘોડે ચડાવી દે. અને જો તમારે રામના વંશજ રહેવું હોય તો હવે પીરાણાપંથ તેમજ તે પંથના સૌયદો અને વટલેલ કાકાઓની સંગત મૂકી ખાસ હિન્દુ સનાતની મોટા પંડિતોને બોલાવી તેના શરણે જઇને માફી માગો કે જેથી તમારા ઉપર જે આ અર્ધદગ્ધ **ખીચડીઆ પીરાણા સતપંથનું** આળ છે તે ઉતરી જાય **અને** તમો જે ગુજરાત તથા કાઠીયાવાડી સાગર નાતથી, તજાયલા ભાઇઓને પવિત્ર જ્ઞાતિ ગંગામાં ભેળી દે તેથી તમો પાછા તેજ જ્ઞાતિ ભાઇઓને શરણે જાઓ તો પાછા તમો રઘુવંશી રામના વંશજ તરીકે લેખાશો. આપણી તે જ્ઞાતિના ભાઇઓ ઘણા દયાળુ છે તેઓ જરૂરથી તમારી અરજીને સ્વીકારી પાછા પોતાની ગોદમાં લઇ લેશે. પણ તે નહિ કરતાં હજીપણ જો તમો એજ પીરાણાપંથનું પુછડું ઝાલીને કલમાઓ પડયા કરશો તો જરૂરથી હિન્દુ સમાજમાંથી તમારૂં નામ નિશાન પણ નીકળી જવામાં વાર નહિ લાગે.

આજ દિવસ સુધી સતપંથી ભાઇઓએ જે કાંઇ લખ્યું છે તે વાંચીને અમો ધારતા હતા કે હવે **કરાચીવાસી** ભાઇઓ જરૂરથી કાંઇકપણ ફેરફાર કરશે તેથી આપણે બેઠાબેઠા જોયા કરવું પણ તમારૂં વરતન દેખીને અમોથી અમારી ફરજ બજાવવાનુ રહી શકાતું નથી તેથીજ અમો કરાચીમાં આવેલા મંગવાણાના પટેલ હીરા ખીમા તથા ગામ રસલીઆના વેદીઆ ભગત મનજી હરભમ તથા પીરાણાથી આવેલા ભગવાધારી કાકા રવજીને ખાસ ચેતાવીએ છીએ કે ભાઇઓ તમોએ આજ દિવસ સુધી જ્ઞાતિનાજ પઇસાથી ખુબ માલ મલીદા ખાધા છે અને મોજો પણ ઘણી માણી છે તેથી ખરી અણીના વખતે જરૂરથી તમો પીરાણાપંથી ભાઇઓને હિન્દુ જનતાથી ટળી જતા અટકાવશો, અને ખાસ સૌયદ બાવો સાહેબ જે તમોને આજ દિવસ સુધી ઉંધે રસ્તે દોરી રહયો છે કે, "**પીરાણાપંથ હિંદુ ધર્મ છે**" તે સૌયદ પુંજામીયા હુશેનમીયા જે સાચું કહી રહયો છે તેની પાસે તેડી જઇ બધી વાતની સફાઇ કરી તેની ઇસલામના કાયદા મુજબ તબલગની ક્રિયઓ કરાવો કે તે બિચારો પોતાના દાદાઓના બતાવેલા સ્વર્ગમાં પોંચવાનો હકકદાર બને અને તમો પીરાણાપંથનો ત્યાગ કરી સુધ્ધ સનાતન ધર્મની દિક્ષા લ્યો આ બે વાતમાં તમોને જે વાત પસંદ હોય તે જલદીથી સ્વીકારી લેશો.

આટલું કહ્યા છતાં પણ જો તમો કાંઇપણ ખુલાસો નહિ કરો તો ચોકખું જણાઇ આવશે કે તમો અહીં ફક્ત તમારો સ્વાર્થ સાધવા અને અજ્ઞાન ભાઇઓમાંથી પીરાણાંસતપંથની અંધ શ્રધ્ધા તુટી ન જાય અને તમારો હંમેશનો હરામી હકક (ગોઠીયાં કરવાનો અને પાપી પેટ ભરવાનો) મારીયોં ન જાય એટલા માટેજ મોટાઇનો ડોળ કરીને આવ્યા છો એવું સર્વ જ્ઞાતિ ભાઇને તથા જાહેર જનતા સમક્ષ સાબીત થશે ને તમારા કપાળમાં જ્ઞાતિનાં દ્રોહનું કાળું કલંક ચોટુંજ રહેશે. અસ્તુ.

લી० જ્ઞાત સેવક,
પટેલ શીવજી કાનજી પારશીયા,

સેક્રેટરી,
શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક મંડળ.

કરાચી,
તા. ૨-૧-૩૭ શનીવાર.
હરચંદરાય વીશનદાસ
પ્લોટ નાં. ૧૩
લોરેન્સ રોડ, કરાચી.

દુર્ગા પ્રીન્ટીંગ પ્રેસ-કરાચી.